GJBH030034182021	કેસ દાખલ થયા તારીખ	:	૧૭/૦૫/૨૦૨૧		
	કેસ રજી. થયા તારીખ	:	૧૭/૦૫/૨૦૨૧		
	કેસ ફેંસલ થયા તારીખ	:	૧૭/૦૮/૨૦૨૬		
	સમયગાળો	:	વર્ષ	માસ	દિવસ
			૦૪	૦૩	૦૦

અંકલેશ્વરના મહે. બીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં, મુ. અંકલેશ્વર.

ફોજદારી કેસ નંબર : ૨૭૯૧/૨૦૨૧
આંક :–

ફરીયાદી : શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લી. ના ઓથોરાઇઝ યાદવ હુકુમચંદ્ર લૌહાર પ્રસાદ રહે/ઓફીસ– ઓમકાર–૨, જુના નેશનલ હાઇવે, અંકલેશ્વર, જી.ભરૂચ

વિરુધ્ધ.

આરોપી : રાજેશ બચુભાઇ દિવાન રહે./ઓફીસ – ૧૦૩, પટેલ કોમ્પલેક્ષ, પટેલ નગર, મોજે ગડખોલ, તા.અંકલેશ્વર, જી.ભરૂચ

ગુન્હો :– **<u>ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ</u>**

ફરીયાદી તરફે વિ. વ.....શ્રી પી.સી. રાજપુત /એન.આર. હળપતી
આરોપી તરફે વિ.વ..... શ્રી ડી.એસ. વસાવા / પી.જે. બેશનવાલા

<u>:: ઠરાવ ::</u>

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, ફરિયાદીશ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લી. એ ધી કંપનીઝ એકટ ૧૯૫૬ ના

કાયદા અન્વયે નોંધાયેલ કંપની છે.જેની ઓરીજનલ ઓફીસ: ઓફીસ નં. ૪૦૯–૧૪૦,ચોથો માળ, મારવેલા કોમ્પ્લેક્ષ, પાલ આર.ટી.ઓ. ની સામે હજીરા રોંડ, સુરત–૩૯૫૦૦૯ મુકામે આવેલ છે અને બ્રાન્ચ ઓફીસ અંકલેશ્વર મુકામે ઉપરોક્ત સરનામે આવેલ છે. શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની જુદી જુદી સ્કીમ હેઠળ ઇન્વેસ્ટમેન્ટ લીઝ હાયપોથીકેશન અને જુના તથા નવા પ્રાઈવેટ તેમજ કોમશીયલ વાહનો માટે ધિરાણ પૂરું પાડવાનો ધંધો કરે છે. ફરિયાદી સદરહુ કંપનીના અધિકૃત કર્મચારી છે અને સદરહુ કંપનીના રોજીંદા વ્યવહારોથી વાકેફ છે. સદર કામના આરોપી ફરિયાદી પાસે પોતાની માલિકીના વાહન ઉપર લોનની માંગણી કરેલી અને તે મુજબ આ કામના આરોપીએ વાહન મોડલ નંબર FORCE TOOFAN -P જેનો રજી. નં. GJ-19 - X-9023 ઉપર લોનની માંગણી કરેલ હતી. તે મુજબ ફરિયાદીની કંપની દ્વારા રૂ. ૬,૨૦,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ વીસ હજાર પુરા) ની તા.૦૩/૦૩/૨૦૧૬ ના રોજ ચઢતા વ્યાજ સાથેની લોન આરોપીને આપવામાં આવેલ હતી. જે વાહનની આર.સી.બુક માં હાયપોથીકેશન નું નોંધ ફરિયાદી શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લી. ના નામે નોંધાયેલ છે. તેમજ આરોપીએ ફરીયાદીની કંપની રાાથે કરેલ હાયપોથીકેશન લોનની રકમ એગ્રીમેન્ટ નંબર BHARUO603030002 કરેલ છે. અને તે એગ્રીમેન્ટ આરોપીને ફરિયાદીએ ગુજરાતી ભાષામાં વિગતવાર સમજણ આપેલ હતી. અને ત્યારબાદ આરોપીએ તેમની મુક્ત સંમતિથી તે એગ્રીમેન્ટમાં સહીઓ કરેલ હતી. અને એગ્રીમેન્ટ ની તમામ શરતો નું ચુસ્ત પણે પાલન કરવાની ખાતરી આપેલ હતી. ફરિયાદી કાયદેસરના લોનની બાકી ચડતા વ્યાજ સાથેની લેણી રકમ રૂ. ૭,૨૨,૮૩૯ /–(એક રૂપિયા સાત લાખ બાવીસ હજાર આઠસો ઓગણચાલીસ પુરા) ની રકમ આ કામના આરોપી પાસેથી લેણી નીકળતી હતી જે પૈકી આ કામના આરોપીએ ફરિયાદીને નીચે મુજબની વિગત અને વર્ણન વાળો ચેક આપેલો હતો અને એવો વિશ્વાસ અને

ભરોસોઆપેલ હતો, "સદર ચેક પાકતી તારીખે બેંકમાં નાંખશો તો ચેક પાસ થઈ જશે, રીટર્ન થશે નહીં" જે ચેકની વિગત નીચે મુજબ છે.

<u>ચેક ની વિગત</u>

ચેક નંબર	બેન્ક નું નામ અને સ્થળ	રકમ (રૂ)	તારીખ
૨૩૯૩૯૦	આઈ.ડી.બી.આઈ.બેંક, અંકલેશ્વર શાખા	૬,૩૩,૭૧૧/-	૦૬/૦૪/૨૦૨૧

આ કામના આરોપીની વાતો ઉપર વિશ્વાસ અને ભરોસો રાખીને ફરિયાદી કંપનીએ ઉપરોક્ત ચેક વસુલાત માટે તેની બેંક એક્સીસ બેંક, અંકલેશ્વર શાખા મારફતે ક્લીયરીંગ માં ચેક નં. ૨૩૯૩૯૦ તા.૦૬/૦૪/૨૦૨૧ મોકલાવતા સદર ચેક આરોપી ની બેંક દ્વારા "ફંડ ઈનસફીસીયન્ટ"ના શેરા સાથે તા.૦૭/૦૪/૨૦૨૧ પરત કરેલ છે. જે અંગે આરોપીને જાણ કરતા. તેઓએ કોઈ સીધો અને સંતોષકારક જવાબ આપેલ નહીં. સદર ઉપરોક્ત મુજબના ચેક રીટર્ન થવાના કારણે ફરિયાદીએ તા.૧૫/૦૪/૨૦૨૧ ના રોજ તેમના વકીલશ્રી મારફતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબની રજી.પો.એડી થી મોકલાવેલ હતી જે નોટીસ યોગ્ય આરોપીને તેના ધંધાના સ્થળે મોકલાવેલ હતી જે નોટીસ આ કામના આરોપીને તા.૧૭/૦૪/૨૦૨૧ ના રોજ બજી ગયેલ છે. આ કામના આરોપીએ નોટીસમાં જણાવ્યા મુજબના દિન –૧૫ માં ચેકના નાણાં ફરિયાદીને ચૂકવી આપેલ નથી અને નોટીસનો અમલ કરેલ નથી કે નોટીસનો કોઈ જવાબ પણ આપેલ ન હોય ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) આ કામે કોગ્નીઝન્સ લઈ પ્રોસેસનો હુકમ કરેલ હોઈ સમન્સની બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૦૭ મુજબ આરોપીને ફરિયાદ પક્ષના તમામ દસ્તાવેજી

પુરાવાઓ વિનામૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૧ અન્વયે આરોપીનું નિવેદન આંક–૭ થી લેવામાં આવતાં, આરોપીએ તેમની સામેના ગુન્હાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી, આ કામે પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરતાં, કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

મૌખિક પુરાવો :

ક્રમ	**સાહેદની વિગત**	**આંક**
૦૧	ફરીયાદી યાદવ હુકુમચંદ્ર લૌહાર પ્રસાદ તે શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લી.ના ઓથોરાઇઝની જુબાની	૦૪

દસ્તાવેજી પુરાવો :

ક્રમ	**દસ્તાવેજની વિગત**	**આંક**
૦૧	ઓથોરીટી લેટર	૧૨
૦૨	આરોપીએ આપેલ ચેક	૧૩
૦૩	ચેક રીર્ટન થયા અંગેનો રીટર્ન મેમો	૧૪
૦૪	આરોપીને આપેલ નોટીસની ઓફીસ કોપી	૧૫
૦૫	નોટીસ રજી.એડી. કર્યાની અસલ પાવતી	૧૬
૦૬	આરોપીને નોટીસ બજી ગયા અંગેનો ઓનલાઇન સ્ટેટસ રીપોર્ટ	૧૭
૦૭	એસ.ઓ. કોપી	૧૮
૦૮	ફરીયાદી તરફે કલોઝીંગ પુરસીસ	૩૦

(૪) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીનું સી.આર.પી.સી.ની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીએ ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ

છે અને વિશેષમાં જણાવેલ છે કે, "ખોટો કેસ કરેલ છે. ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજો પુરવાર થયેલ નથી. અમો આરોપીના જુના સીકયોરીટી પેટેના ચેકનો અમોની જાણ અને સંમતિ વગર મનફાવે તેમ રકમ ભરી દુરઉયપોગ કરી ચેક રીટર્ન કરાવેલ છે."

(૫) સદર કામે ફરિયાદી તરફે તેમના વિ.વકિલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે તેમજ ફરીયાદી તરફે આંક–૩૬ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, સદરહું કામે આરોપી વિરુદ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮, ૧૪૫ મુજબની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના જરૂરી તત્વો જોવામાં આવે તો નીચે મુજબ છે. (૧) ચેક ઉપર જે તારીખ લખી હોય તે તારીખથી ત્રણ માસની અંદર અથવા જે મુદત હોય તે એમાંથી જે વહેલી હોય તે મુદતની અંદર ચેક રજુ કરવો.,

આ કામે અમો ફરિયાદીએ શ્રી રામ ફાઈનાન્સ કંપનીના નામથી ધંધો કરીએ છીએ.અને આરોપીને તેમના વ્હીકલ ઉપર લોન આપવામાં આવેલ જે હમા પેટે આરોપીએ તેમની બેન્કનો પોતાની સહી કરી તારીખ–૦૬/૦૪/૨૦૨૧ નો ચેક અમો ફરિયાદીને આપેલ છે. અને તે ચેક અમો ફરિયાદીએ મુદત માં તારીખ–૦૬/૦૪/૨૦૨૧ ના રોજ અમારી બેંકમાં વટાવવા સારું રજુ કરેલ છે.

(૨) ચેકનો પેઇ યથાક્રમ ધારક તે ચેક વણચૂકવ્યો પરત આવાના સબની બેંક પાસેથી માહિતી મળ્યાના ત્રીસ દિવસમાં ચેક લખનારને કાયદેસરની લેખિતમાં ડીમાન્ડ નોટીસ આપીને નાણાની માંગણી કરવાની હોય છે.

આ કામે અમો ફરિયાદીએ આરોપી દ્વારા આપવામાં આવેલી કાયદેસરના દેવા પેટેનો ચેક તારીખ–૦૬/૦૪/૨૦૨૧ ના રોજ બેંકમાં રજુ કરેલ છે. અને તે ચેક તારીખ–૦૭/૦૪/૨૦૨૧ ના રોજ “ફંડ ઇન સફીશીયન્ટ” ના શેર સાથે પરત ફરતા ફરિયાદીએ તારીખ–૧૫/૦૪/૨૦૨૧ ના રોજ આરોપીને ચેકની લેણી રકમની માંગણી કરતી કાયદેસરની લેખિત નોટીશ આપવામાં આવેલ છે.

(૩) નોટીશ આપ્યાના અને આરોપીને નોટીશ મળ્યાની જાણ થયા બાદ દિન– ૧૫ નો સમય આપ્યા પછીના એક માસની મુદતમાં ફરિયાદ દાખલ કરવી.

આ કામે આરોપીને તારીખ–૧૫/૦૪/૨૦૨૧ ના રોજ નોટીશ રજી.એડી થી મોકલાવેલ હતી. તે નોટીશ આરોપીને તારીખ– ૧૭/૦૪/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અને ને નોટીશમાં જણાવ્યા મુજબ ૧૫ દિવસની મુદત આપ્યા બાદ એક માસમાં તારીખ– ૧૩/૦૫/૨૦૨૧ ના રોજ ફરિયાદ દાખલ કરેલ છે.

સદરહુ કામે અમો ફરિયાદી શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ ક.લી માં ધંધો કરીએ છીએ અને જુના તથા નવા વાહનો ઉપર લોન આપી હાઈપોથીકેશન કરીએ છીએ..આ કામના આરોપી અમો ફરિયાદી પાસેથી તારીખ– ૦૩/૦૩/૨૦૧૬ ના રોજ લોન રકમ રૂપિયા– ૬,૨૦,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ વીસ હજાર પુરા) ની લોન લીધેલ જેનો એગ્રીમેન્ટ નંબર–BHARUC603030002 છે. આ કામના આરોપી પાસેથી અમો ફરિયાદીએ લોનના હપ્તા પેટે ઉઘરાણી કરતા તેઓએ પોતાની IDBI ANKLESHWAR શાખા બેંક તારીખ– ૦૬/૦૪/૨૦૨૧ ના રોજ રૂપિયા– ૬,૩૩,૭૧૧/– (અંકે રૂપિયા છ લાખ તેત્રીસ હજાર સાતસો અગિયાર પુરા) નો ચેક પોતાની કાયદેસરના દેવા પેટે આપેલ હતો. અને ત્યારબાદ તે ચેક પાસ ના કરાવી તેઓએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ છે. જે બદલ તેઓની વિરુધ હાલની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. ફરિયાદની સાથે આંક–૩ ના લીસ્ટ સાથે અમો ફરિયાદપક્ષે જુદા જુદા દસ્તાવેજી પુરાવા આપ નામ.કોર્ટ સમક્ષ રજુ કરેલા જેમાં આંક–૧૩ આરોપીએ આપેલ અસલ ચેક છે.આંક–૧૪ બેન્કનો રીટર્ન મેમો રજુ કરેલ છે. આંક–૧૫ નોટીશની ઓફીસ કોપી રજુ કરેલ છે.આંક–૧૬ પોસ્ટ ખાતામાં નાણા ભર્યા અંગેની પોસ્ટ ખાતાની રસીદ રજુ કરેલ છે. આંક– ૧૨ ફરિયાદનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે. આંક– ૨૮ પાવર ઓફ એટર્ની રજુ કરેલ છે.આંક– ૧૮ આરોપીનું સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ રજુ કરેલ છે. જે તમામ દસ્તાવેજી પુરાવા અમો ફરિયાદીએ ફરિયાદની સોગંદ ઉપરની જુબાની દ્વારા રજુ કરી પુરવાર કરેલ છે.

સદરહું કામે આરોપી તરફે જે ફરિયાદીની ઉલટ–તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓ કોઈ બચાવ લાવી શકેલા નથી તેઓ ચેકના નાણા ચુકવવા માટે જવાબદાર નથી કે ફરિયાદીનું કાયદેસરનું લેણું એટલે કે આરોપીનું કાયદેસરનું દેવું નથી તેવું પુરવાર કરી શકેલા નથી. સદરહું કામે આરોપીએ અમો ફરિયાદીની લેખિત નોટીશ મળવા છતાં તેઓએ નોટીશનો કોઈ લેખિત જવાબ આપેલો નથી. સદરહું કામે આરોપીએ અમો ફરિયાદીને જે ચેક પોતાના કાયદેસરના દેવા પેટે આપેલો છે. તે ચેક આપ્યા બાદ ચેકની મુદતે પોતાના ખાતામાં પુરતું ફંડ રાખેલ નથી જે બદલ બેન્કનો રીટર્ન મેમો પણ અલગ યાદી લીસ્ટથી સામેલ રાખેલ છે. સદરહું કામે આરોપી પોતાના બચાવમાં પણ એવું લાવેલ નથી કે તેઓ કંપની પાસે લોન મેળવેલ નથી. કે લોન લીધી હોય તો ભરપાઈ કરી દીધી હોય., આમ, આરોપી પોતે ફરિયાદી કંપની પાસેથી લોન મેળવેલ નથી અને તેઓ ચેકના નાણા ચુકવવાની જવાબદારી થતી નથી તેઓ કોઈ બચાવ લાવી શકેલા નથી. વધુમાં આરોપીએ અમો ફરિયાદી કંપની સામે ગ્રાહક સુરક્ષા કોર્ટમાં ફરિયાદ દાખલ કરેલ હતી. પરંતુ તે ફરિયાદ ચાલી જતા ગ્રાહક સુરક્ષા કોર્ટે આરોપીની ફરિયાદ અરજી નામંજૂર કરી તેઓને વાહન પરત સોપવાનો પણ હુકમ ફરમાવેલ છે. જે હુકમ અલગ યાદી દલીલો સાથે સામેલ છે. વધુમાં સૌથી મહત્વનું આ કામના આરોપી અમો ફરિયાદી કંપની પાસેથી વાહન GJ-19X 9023 કંપનીનું મેળવેલ છે. જે વાહન સીઝન સોલ્ડ કરવામાં આવેલ નથી. સદરહું કામે અમો ફરિયાદી તરફે આ કામે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકની કલમ ૧૩૮ ના મુજબ તત્વો છે. તે આરોપી વિરુધ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરી તેઓ વિરુધ સાબિત કરેલા છે. તેમજ તે પુરાવા થકી અમો ફરિયાદીનું આરોપી પાસેથી કાયદેસરનું લેણું છે. તથા આરોપીનું કાયદેસરનું દેવું છે. તે પુરવાર કરેલ છે. આમ, સદરહું કામે લેખિત દલીલો તથા મૌખિક રજુઆત ધ્યાને લઈ આરોપી વિરુદ્ધ નિશક્યનો અમો ફરિયાદીનો કેસ પુરવાર કરેલ છે. તેથી આરોપીની કાયદામાં ફરમાવેલ સજા તથા દંડનો હુકમ કરવા મેં.થશોજી. "

(૬) સદર કામે બચાવપક્ષ તરફે તેમના વિ.વકિલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે તેમજ બચાવપક્ષ તરફે આંક–૬૪ થી લેખીત દલીલ રજુ થયેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, '' આ કામના ફરિયાદીનો કેસો એવો છે કે...., આ કામના ફરિયાદી ફાયનાન્સ કંપની છે અને જુદી જુદી સ્કીમ હેઠળ ઈન્વેસ્ટમેન્ટ, લીઝ હાઈપોથીકેશન અને જુના તથા નવા પ્રાઈવેટ વાહનો તથા કોમર્શીયલ વાહનો માટે ધિરાણ પુરુ પાડે છે. જે મુજબ ફરિયાદીએ આરોપીના વાહન મોડન નંબર Force Toofan-P જેનો રજીસ્ટ્રેશન નંબર GJ-19-X-9023 ઉપર રકમ રૂ.૬,૨૦,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ વીસ હજાર પુરા) ની તા : ૦૩/૦૯/૨૦૧૬ ના રોજ ચઢત વ્યાજ સહિત લોન આપવામાં આવેલ અને આર.સી. બુકમાં હાઈપોથીકેશન નોંધી ફરિયાદીનું નામ નોંધાયેલ છે. અને હાઈપોથીકેશનની રકમ માટે એગ્રીમેન્ટ નંબર BHARU0603030002 કરેલ છે. અને લોનની બાકી ચઢત વ્યાજ સાથેની લેણી રકમ રૂ.૭,૨૨, ૮૩૯/– (અંકે રૂપિયા સાત લાખ બાવીસ હજાર આઠસો ઓગણચાળીસ પુરા) લેવાના નીકળતા હોય, જે પૈકી આરોપીએ હાલના ફરિયાદ વાળો ચેક નંબર ૨૩૯૩૯૦ આઈ.ડી. બી.આઈ. બેન્ક, અંકલેશ્વર શાખાનો રકમ રૂ.૬,૩૩,૭૧૧/– (અંકે રૂપિયા છ લાખ તેત્રીસ હજાર સાતસો અગીયાર પુરા) નો ચેક તા : ૦૬/૦૪/૨૦૨૧ ના રોજનો ચેક લખી આપેલો જે ચેક એક્સીસ બેન્ક, અંકલેશ્વર શાખામાં ક્લીયરીંગ માટે રજુ કરતાં સદ રહુ ફરિયાદ વાળો ચેક તા : ૦૭/૦૪/૨૦૨૧ ના રોજ વગર સ્વીકારાયે પરત ફરેલ છે. જેથી ફરિયાદીએ તા : ૧૨/૦૪/૨૦૨૧ ના રોજ વકીલશ્રી મારફતે નોટીસ આપતાં તે નોટીસ તા : ૧૭/૦૪/૨૦૨૧ ના રોજ બજી ગયેલ છે. અને ત્યારબાદ યોગ્ય મુદ્દતમાં હાલની આ ફરિયાદ દાખલ કરેલ છે. સદરહુ કામના તહોમતદારને નામ. કોર્ટના સમન્સ / નોટીસની જાણ થતાં તહોમતદાર નામ. કોર્ટમાં ગુનાની કબુલાતનો ઈન્કાર કરતાં નામ. કોર્ટ સમક્ષ સદરહુ કેસની ટ્રાયલ ચાલેલ છે. અને આંક ૭ થી

તહોમતદારની પ્લી તથા એફ.એસ. નોંધાયેલ છે. સદરહુ કામે નામ. કોર્ટમાં આંક – ૪ થી ફરિયાદીની સોગંદ પરની સરતપાસ રજુ થયેલ છે જેની અમો તહોમતદાર તર્ફે વિગતવાર ઉ.ત. લેવામાં આવેલ છે. તેમજ ફરિયાદી તર્ફે આંક ૩ ના લિસ્ટથી જુદા જુદા દસ્તાવેજો રજુ થયેલા છે. જે નિશાની ૩/૧ થી નિશાની ૩/૭ સુધીના દસ્તાવેજો ને આંક ૧૨ થી ૧૮ આપવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે. આંક – ૧૨ ઓથોરીટી લેટર, આંક – ૧૩ ફરિયાદ વાળો અસલ ચેક નંબર ૨૩૯૩૯૦, આંક – ૧૪ અસલ ચેક રિટર્ન મેમો, આંક – ૧૫ નોટીસની સ્થળ પ્રતઃ, આંક – ૧૬ પોસ્ટ ખાતાની રસીદ, આંક – ૧૭ વેબસાઈટ નો રિપોર્ટ, આંક – ૧૮ એસો. કોપી (લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ)

તદ્ઉપરાંત આ કામે ફરિયાદી તરફે આંક – ૨૮ થી નિશાની ૨૮/૧ તથા ૩૭ થી નિશાની ૩૭/૧ રજુ થયેલ છે. જે નિશાનીને કોઈ આંક પડેલ નથી. જેથી તે પુરાવામાં ગ્રાહ્ય તેમજ વંચાણે લઈ શકાય નહીં. આ કામના ફરિયાદી તર્ફે આંક– ૩૦ થી પુરાવા બંધનું પુરસીસ રજુ થયેલ છે તથા આંક–૩૬ થી ફરિયાદી તર્ફે લેખિત દલીલ રજુ થયેલ છે.

અમો તહોમતદાર તર્ફે અમારા બચાવના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે.

ફરિયાદી પોતાનું કાયદેસરનું લેણું પુરવાર કરી શકેલ નથી. ફરિયાદી પોતાની ફરિયાદના સમર્થનમાં ફરિયાદ પુરવાર કરવા લોન વ્યવહારને લગતા કોઈ દસ્તાવેજો જેવા કે, લોન એગ્રીમેન્ટ, હાઈપોથીકેશન એગ્રીમેન્ટ, બેન્ક સ્ટેટમેન્ટ, વાહનની આર.સી. બુક કે વાહનનું સ્ટેટસ રજુ કરેલ નથી. ફરિયાદીની નોટીસ, કરિયાદ, સતપાસ અને રજુ કરેલ દસ્તાવેજો માં રકમો ની વિસંગતતા આવે છે. ફરિયાદીને ફરિયાદ વાળો ચેક ચૂકવણી માટે આપેલ નથી. ફરિયાદ દાખલ કરનાર અધિકારી પોતે ફરિયાદ દાખલ કરવા સક્ષમ છે તેવું પુરવાર કરી શકેલ

નથી કે આ તકરારી વ્યવહારમાં તેમનો શું રોલ હતો તેવી કોઈ હકીકતો દસ્તાવેજી પુરાવા આધારે રેકર્ડ પર લાવી શકેલ નથી. ફરિયાદી ફરિયાદના તથા ફરિયાદ વાળા ચેકના વ્યવહારથી જાતમાહિતગાર નથી.

અમો તહોમતદાર તર્ફે અમારા બચાવના ઉપરોક્ત મુદ્દા અનુસંધાને ઉ.ત. માં વિવિધ પ્રશ્નો પુછતાં અમારા ઉપરોક્ત બચાવના મુદ્દાઓને સમર્થન મળેલ છે.

એ વાત ખરી છે કે, હું શ્રીરામ ફાઈનાન્સમાં નોકરી કરું છું એ દર્શાવતો આધાર મેં આ કામે રજુ કરેલ નથી. હું છેલ્લા પાંચ વર્ષથી કંપની સાથે સંકળાયેલો છું. એ વાત ખરી નથી કે હું ક્યા કારણસર ફરિયાદ વાળા ચેકના વ્યવહારથી માહિતગાર છું તેની વિગત કે ખુલાસો ફરિયાદમાં કરેલ નથી. હું ફરિયાદ જોઈને જણાવું છું કે, આવી કોઈ સ્પષ્ટતા ફરિયાદમાં નથી. એ વાત ખરી નથી કે શ્રીરામ ફાઈનાન્સમાં બધા વિભાગ અલગ અલગ છે. એ એ વાત ખરી છે કે સેલ્સ અને એકાઉન્ટ વિભાગ અલગ અલગ વ્યક્તિ સંભાળે છે. સેલ્સ માં શું કામગીરી થાય જેની મને માહિતી છે. સેલ્સમાં કોઈ ઈન્કવાયરી આવે ત્યારે સેલ્સનો માણસ તેમના ઘરે રૂબરૂ જાય છે. ત્યારબાદ ડોક્યુમેન્ટ્સ ચેક કરે છે, તેમની પરિસ્થિતિ જોઈને નક્કી કરે છે કે ગાડી લેવા માંગે છે તેના હપ્તા ભરવા માટે સક્ષમ છે કે નહીં અને તેમનો રેફરન્સ કેવો છે કે નહીં તેની તપાસ કરે છે. લોન મંજૂર થાય તો આધાર કાર્ડ, પાનકાર્ડ, હાઈપોથીકેશન એગ્રીમેન્ટ, નવું વ્હીકલ હોય તો કવોટેશન, બેન્ક સ્ટેટમેન્ટ, પાસપોર્ટ સાઈઝના ફોટા, વેરા પાવતી, જો પોતાની પ્રોપર્ટી હોય તો નહીં તો રેન્ટ એગ્રીમેન્ટ વિગતે દસ્તાવેજો લઈએ છીએ. હાઈપોથીકેશન એગ્રીમેન્ટમાં લોન લેનાર, તેના ગુરન્ટર અને લોન આપનાર તરીકે બ્રાન્ચ મેનેજરની સહી હોય છે. એ વાત ખરી છે કે, ફરિયાદ વાળા લોન વ્યવહારમાં મેં કોઈ કામગીરી કરેલ નથી. એ વાત ખરી છે કે, ફરિયાદ વાળા ચેક અંગે મને અંગત જાત માહિતી નથી. એ

વાત ખરી નથી કે લોન એગ્રીમેન્ટ વખતે ગ્રાહક પાસેથી કોરા સહી કરેલા ચેકો સિક્યુરીટી પેટે લેવામાં આવે છે. એ વાત ખરી નથી કે ફરિયાદ વાળો ચેક ક્યારે કોને આપેલો તેની મને માહિતી નથી. એ વાત ખરી છે કે આરોપીએ આ ચેક ક્યા અધિકારીને આપેલો તેનું નામ ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, આ કામે લોનની લેણી રકમ રૂ.૭,૨૨, ૮૩૯/– આ કામના આરોપી પાસેથી લેણી નીકળે છે તે દર્શાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, ફરિયાદમાં જણાવેલ બાકી નિકળતી રકમ અને ચેકની રકમ માં તફાવત છે. એ વાત ખરી છે કે, આ તફાવત અંગેનો ખુલાસો ફરિયાદમાં કરેલ નથી. એ વાત ખરી નથી કે ફરિયાદ વાળા ચેકના ક્લીયરીંગની કામગીરી મેં કરેલ નથી. એ વાત ખરી નથી કે, અમારી ફાઈનાન્સ કંપની દ્વારા એગ્રીમેન્ટ વખતે કોરા ચેકો સહી વાળા મેળવવામાં આવે છે. એ વાત ખરી છે કે, બેન્કમાં કોઈ લોન ખાતામાં કોઈ રકમ જમા થાય તો તે અંગેની રીસીપ્ટ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે, ફરિયાદ વાળા ચેક અંગે અમે કોઈ રીસીપ્ટ આપેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીએ ફરિયાદી કંપની વિરુધ્ધ ગ્રાહક સુરક્ષામાં કેસ કરેલ છે. હાઈપોથીકેશન એગ્રીમેન્ટ ભંગ બદલ હાલના ચેકની ફરિયાદ કરેલ છે તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી નથી કે અમારી કંપનીના રીકવરી એજન્ટ કોઈપણ જાતના કાયદેસરના હુકમ વગર આરોપી પાસે વાહન રીકવરીની કાર્યવાહી કરતા હોય આરોપીએ ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ કરેલી. ફરિયાદ વાળો ચેક બેન્કમાં જમા કરતાં પહેલા તેની જાણ આરોપીને લેખિતમાં કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીએ આવી કોઈ ચેકની રકમ ચુકવવાની થતી ન હોય છતાં આરોપી વિરુધ્ધ ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીએ જે તે સમયે ગ્રાહક સુરક્ષામાં કેસ કરી મનાઈ હુકમ મેળવેલ તેનો રાગદ્વેષ રાખી ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીએ આવી કોઈ રકમ ચુકવવાની થતી ન હોવા છતાં આરોપીની જાણ બહાર તેના સિક્યુરીટી

પેટે પહેલા ચેકનો દુરઉપયોગ કરી ખોટી ફરિયાદ કરેલ છે. જેના સમર્થનમાં ખોટી જુબાની આપું છું. એ વાત ખરી નથી કે હાલની ફરિયાદ કરવા મને કોઈ અધિકાર નથી.

આ કામે ફરિયાદી તરફે આંક ૧૨ થી ઓથોરીટી લેટર રજુ થયેલ છે. જે ઓથોરીટી લેટર કોઇપણ જાતના પ્રિન્ટેડ લેટરપેડ વિના માત્ર સાદા કાગળ ઉપર તૈયાર થયેલ છે અને ફરિયાદીએ તેમના આંક ૪ ની સરતપાસમાં ઓથોરીટી લેટરના કોઈ કન્ટેન્ટ્સ જણાવેલ નથી. તેમજ સદરહુ આંક ૧૨ માં ઓથોરીટી આપનાર ને તપાસેલ નથી કે તેઓની સહી ઓળખી બતાવેલ નથી. તેમજ અમારા બચાવને બાધ આવ્યા સિવાય તેમજ સદરહુ દસ્તાવેજને કબુલ રાખ્યા સિ વાય માત્ર દલીલ પુરતું મુદ્દો જણાવીએ છીએ કે, "આંક – ૧૨ ના ઓથોરીટી લેટર મુજબ ઓથોરીટી આપનાર બ્રાન્ચ મેનેજર છે અને પોતે કંપની વતી ઓથોરાઈઝ્ડ સીગ્રેટરી છે અને કલેક્શન મેનેજર હાલના ફરિયાદીને અધિકૃત કરેલા છે." આમ, એક અધિકૃત વ્યક્તિએ અન્ય વ્યક્તિને અધિકૃત કરેલ હોય, જે કાયદાકીય પરિભાષામાં માન્ય નથી અથવા અધિકાર આપનારે એવો કોઈ દસ્તાવેજ નામ. કોર્ટમાં બતાવવો જોઈએ કે જેથી પુરવાર થાય કે તેઓ અધિકાર આપવા કે ટ્રાન્સફર કરવા સક્ષમ છે . જયારે હાલના કેસમાં તેવું કાંઈ રજુ થયેલ ન હોય અને માત્ર એક સાદા કાગળ ઉપર અધિકાર પત્ર નામ. કોર્ટમાં રજુ કરવાથી હાલના ફરિયાદી પોતે કંપનીના અધિકૃત વ્યક્તિ સાબિત થતા નથી. અને પ્રાથમિક રીતે જ જો તેઓ અધિકૃત વ્યક્તિ ન હોય તો તેઓ દ્વારા દાખલ થયેલ ફરિયાદ ચાલવા કે ટકવા પાત્ર નથી. જેથી આંક ૧૨ વાળો દસ્તાવેજ પુરવાર થયેલો ગણાય નહીં. તદ્ધઉપરાંત ફરિયાદના અધિકૃત વ્યક્તિ સિવાય કંપની વતી અન્ય કોઈ અધિકારી જેમ કે, બ્રાન્ચ મેનેજર, લોન ડિપાર્ટમેન્ટના અધિકારી કે લોન એગ્રીમેન્ટમાં સહી કરનાર અધિકારીને તપાસેલ નથી જેથી પણ ફરિયાદીની ફરિયાદ હકીકતને સમર્થન મળતુ નથી. અને ફરિયાદ પુરવાર થયેલ નથી.

બલ્કે, સદરહુ ફરિયાદ મુજબ હાલનો વ્યવહાર વાહનના હાઈપોથીકેશન લોનનો વ્યવહાર હોવા છતાં અને ફરિયાદમાં તે એગ્રીમેન્ટ નંબરનો ઉલ્લેખ કરેલ હોવા છતાં ફરિયાદીએ સંપૂર્ણ ટ્રાયલ દરમિયાન લોન એગ્રીમેન્ટ રજુ કરેલ નથી કે તેને આંકે પડાવેલ નથી. અને ફરિયાદ જોતાં ફરિયાદનો મૂળ આધાર / પાયો લોન એગ્રીમેન્ટ છે, અને જ્યારે ફરિયાદીએ લોન એગ્રીમેન્ટ પુરવાર કરેલ ન હોય તો માત્ર ચેકના આધારે ફરિયાદ ટકી શકે નહીં. આ કામે ફરિયાદી તર્ફે આંક – ૧૮ થી એસ.ઓ. ની કોપી રજુ થયેલ છે. પરંતુ માત્ર તેવી કોપી રજુ થયેથી તે કોપી પુરવાર થતી નથી. અમો તહોમતદાર આંક – ૧૮ ને કબુલ કર્યા સિવાય આંક – ૧૮ બાબતે વાંધો ઉઠાવી જણાવીએ છીએ કે, રજુ કરેલ આંક ૧૮ ના દસ્તાવેજ કોમ્પ્યુટરાઈઝ જનરેટ કોપી છે. પરંતુ તેમાં રજુ કરનાર કોઈના સહી સિક્કા નથી. તેમજ ફરિયાદીની જુબાનીમાં તે કોપી કોની પાસેથી મેળવી રજુ થયેલ છે તેવા કન્ટેન્ટ્સ પણ લીધેલ નથી. તેમજ સદરહુ કોમ્પ્યુટરાઈઝ્ડ જનરેટેડ કોપી અનુસંધાને ભારતીય પુરાવા ધારાની કલમ ૬૫ (બી) મુજબનું ઈલેક્ટ્રોનીક એવીડન્સનું કોઈ પ્રમાણપત્ર રજુ થયેલ નથી. જેથી સદરહુ દસ્તાવેજ ને આંક પડેલ હોવા છતાં પુરાવામાં ગ્રાહ્ય કે માન્ય રાખી શકાય નહીં.

વધુમાં, સદરહુ આંક ૧૮ ના બીલ સ્ટેટમેન્ટમાં તા : ૧૯/૦૫/૨૦૨૧ ના રોજ બાકી રકમ રૂ.૬,૬૫,૦૩૬–૭૨ પૈસા (અંકે છ લાખ પાંસઠ હજાર છત્રીસ રૂપિયા અને બોતેર પૈસા) જણાવેલ છે. જ્યારે ફરિયાદમાં બાકી રકમ રૂ.૭,૨૨, ૮૩૯/– (અંકે રૂપિયા સાત લાખ બાવીસ હજાર આઠસો ઓગણચાળીસ પુરા) જણાવેલ છે અને ચેકની રકમ રૂ.૬,૩૩,૭૧૧/– (અંકે રૂપિયા છ લાખ તેત્રીસ હજાર સાતસો અગીયાર પુરા) જણાવેલ છે. આમ, ચેકની રકમ ફરિયાદી પુરવાર કરી શકતા નથી અને દરેક જગ્યાએ અલગ અલગ રકમ આવે છે. જેથી પણ અમો તહોમતદારના ચેકનો દૂરઉપયોગ થયેલ છે તેવું સ્પષ્ટ માની શકાય છે. અને કલમ – ૧૪૯ ના અનુમાનનું ખંડન થતાં

તે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદીના શિરે છે. આ કામે ફરિયાદીની ફરિયાદના પેરા–૧ માં સુરત મુકામે રજીસ્ટર્ડ ઓફિસ આવેલ છે. એવું જણાવેલ છે. અને ચેક અંકલેશ્વર ખાતે સ્વીકાર અર્થે બેન્કમાં જમા કરાવેલ છે તેવું જણાવેલ છે. પરંતુ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈ જોતાં તથા નામ. સુપ્રિમ કોર્ટના હાલના ચુકાદા મુજબ ફરિયાદી જે જગ્યાથી તેનું ખાતુ ખોલાવેલ હોય, ત્યાંથી ફરિયાદ કરવાની હુકુમત ઊભી થાય છે. હાલના કેસમાં ફરિયાદી અંકલેશ્વર ખાતે બેન્ક ખાતુ નિભાવે છે. અને તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી જેથી પણ તેવા કાયદાકીય મુદ્દે હાલની ફરિયાદ રદ્ધ થવાને પાત્ર છે. વધુમાં, ફરિયાદીની ફરિયાદ હકીકત તથા કથન મુજબ સદરહુ ફરિયાદ વાળો વ્યવહાર હાઈપોથીકેશન લોનની ચૂકવણી માટેનો છે. તો બેન્કીંગ અને લોન આપનારનો વ્હીકલ ઉપર સિક્યુરીટીનો હક્ક આપે છે અને જો ગ્રાહક ડિફોલ્ટ થાય તો બેન્ક / લોન આપનાર વાહન સીઝ કરી શકે છે. વેચી શકે છે અને તેમાંથી રીકવરી કરી શકે છે. અને ફરિયાદીના કહેવા મુજબ અમો તહોમતદાર લોન નિયમિત ચૂકવેલ નથી તો અમો તહોમતદારને ડિફોલ્ટર જાહેર કરેલ હોય કે તેવા કોઈ ડોક્યુમેન્ટ્સ આ કામે રજુ કરેલ હોય તેવું બનેલ નથી. જેથી આ કામના તહોમતદાર ડિફોલ્ટર છે તેવું પ્રથમ દર્શને લાવી શકેલ નથી.

બલ્કે આ કામના ફરિયાદીએ આંક ૩૭ ના લિસ્ટથી નિશાની ૩૭/૧ વાળો દસ્તાવેજ ગ્રાહક સુરક્ષા ફોરમનો ચુકાદો રજુ કરેલ છે જેને આંક પડેલ નથી. પરંતુ માત્ર દલીલ ખાતર પણ તે મુદ્દો જોવામાં આવે તો તા : ૦૬/૦૭/૨૦૨૨ ના રોજના હુકમમાં પણ ફોરમ કમિશને વાહન સીઝ કરવા હુકમ કરેલ છે. અને જ્યારે હાઈપોથીકેશન લોન હોય ત્યારે બેન્ક / લોન આપનારને હાઈપોથીકેટ કરેલ વાહન સીઝ કરી વેચાણ કરવાની સત્તા છે અને પછી કોઈ બાકી રકમ રહે તો અન્ય કાયદા હેઠળ remedy (ઉપચાર) ઉપલબ્ધ છે. છતાં આ કામના ફરિયાદીએ તેવી કોઈ પ્રક્રિયા અનુસરેલ નથી. અને હાલની ખોટી

ફરિયાદ કરેલ છે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈ મુજબ તહોમતદારે બોક્સમાં સાહેદી આપવા માટે આવવુ જરૂરી નથી પરંતુ તહોમતદારે માત્ર પ્રોબેબલ ડિફેન્સ મુકવાનો હોય છે. અને તેવા પ્રોબેબલ ડિફેન્સથી કલમ ૧૩૯ મુજબનું અનુમાનનું ખંડન થતું હોય, બર્ડન ઓફ પ્રુફ ફરિયાદીના શીરે આવે છે અને તેવા સંજોગોમાં ફરિયાદીએ તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ.

આ કામે કેસની હકીકત જોતાં, ફરિયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા જોતાં તેમજ અમો તહોમતદાર તર્ફે ઊભો કરવામાં આવેલ બચાવ તથા સંભાવના જોતાં હાલના ફરિયાદ વાળો ચેક નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ના વ્યાપમાં આવતી નથી. ફરિયાદી ચેક કાયદેસરના દેવા અથવા જવાબદારી માટે આપવામાં આવ્યો છે તેવું પુરવાર કરી શકેલ નથી. અને માત્ર ચેક હોવાથી લીગલ ડેન્ટ પુરવાર થતુ નથી. અને લીગલ ડેટ પુરવાર કરવા માટે ફરિયાદી તર્ફે લોન એગ્રીમેન્ટ, હાઈપોથીકેશન એગ્રીમેન્ટ, ડિફોલ્ટર પ્રક્રિયા કે અન્ય કોઈ પુરાવા રજુ કરેલ નથી અને માત્ર ઓરલ એવીડન્સ થી લીગલ ડેન્ટ પુરવાર થતુ નથી. આવા સંજોગોમાં અમો તહોમતદાર તર્ફે ની દલીલ ગ્રાહ્ય રાખી તહોમતદારને સદરહુ ગુનાના કામે નિર્દોષ છોડવા યોગ્ય હુકમ કરશોજી. વધુમાં, અમો તહોમતદાર અમારા બચાવના સંદર્ભે જુદા જુદા નામ. હાઈકોર્ટ તથા નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ઉપર આધાર રાખીએ છીએ જે લિસ્ટ અલગથી રજુ કરેલ છે. " તેમ જણાવી આંક–૬૫ થી આરોપીપક્ષે આધાર રાખેલ ચુકાદાનુ લીસ્ટ રજુ કરેલ છે.

(૭) આ કેસનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે .

-:મુદાઓ :-

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી પાસે તેમની બાકી લેણી રકમ નીકળતી હતી અને તે બાકી લેણી રકમ પેટે આરોપીએ ફરીયાદીને પોતાના આઇ.ડી.બી.આઇ. બેંક, અંકલેશ્વર શાખાનો ચેક નં. ૨૩૯૩૯૦, રકમ – ૬,૩૩,૭૧૧/– તા. ૦૬/૦૪/ ૨૦૨૧ ના રોજનો આપેલ જે નાણાંની વસુલાત માટે ફરીયાદીએ પોતાના ખાતામાં જમા કરતા સદર ચેક ફુડ ઇનસફીસીયન્ટ ના શેરા તથા રીટર્ન મેમો સાથે પરત ફરેલ. સદર ચેક રીટર્ન થતા ફરીયાદીએ તેઓના વ.શ્રી મારફતે તા.૧૫/૦૪/૨૦૨૧ ના રોજ નોટીસ પાઠવેલ જે તેઓને બજી ગયેલ હોવા છતાં ફરીયાદીને તેની કાયદેસરની લેણી રકમ નિયત સમયમા ચુકવી નહી આપી આરોપી એ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

:: કારણો ::

(૯) **મુદ્દા નં. ૧ :–**

હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી ધી.નેગો.ઈ.એકટની કલમ : ૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુન્હાહિત કૃત્ય અંગે ચલાવવામાં આવી છે. સદર કલમ અંગેનો સૌપ્રથમ આવશ્યક તત્વ એ છે કે, વાદગ્રસ્ત ચેક કાયદેસરનું દેવુ કે જવાબદારી પુરેપુરી કે અંશત: અદા કરવા માટે આપવામાં આવ્યો હોવો જોઈએ, જે હકિકત પુરવાર કરવા અંગે સાબિતીનો પ્રારંભિક બોજો ફરીયાદી ઉપર હોય છે જે બોજાનું ફરીયાદી વહન કરે કે તુરંતજ ધી નેગો.ઈ.એકટની કલમ:૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર યાને કે હાલના ફરીયાદીની તરફેણમાં તેમજ ચેક ડ્રો

કરનાર યાને કે હાલના આરોપીની વિરુધ્ધમાં સ્ટેચ્યુટરી અનુમાન કરવાનુ રહે છે જે અનુસાર વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની સંપુર્ણત: અથવા તો અંશત: ચુકવણી કરવા માટે આપવામાં આવ્યો હોવાનું અનુમાન કરવાનું રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ખંડનાત્મક અનુમાન છે. ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો સંપુર્ણ બોજો આરોપીની ઉપર રહે છે. સદર ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જ જોઈએ તેવું જરૂરી નથી. આરોપી કેસના રેકર્ડ ઉપર એવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે કે જેનાથી વાદગ્રસ્ત ચેક કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનુ ખંડન થયાનું ગણી શકાય.

આ કામમા ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો જોઈએ તો આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદી શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લી.ના ઓથોરાઈઝ યાદવ હુકુમચંદ્ર લૈાહાર પ્રસાદ નાઓએ આંક–૧ થી ફરીયાદ રજુ કરેલ છે જેમાં જણાવેલી સમગ્ર હકીકતોને આંક–૪ ના સરતપાસ સ્વરુપી સોગંદનામાથી સમર્થન આપ્યુ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સદર કામના આરોપી ફરિયાદી પાસે પોતાની માલિકીના વાહન ઉપર લોનની માંગણી કરેલી અને તે મુજબ આ કામના આરોપીએ વાહન મોડલ નંબર FORCE TOOFAN -P જેનો રજી. નં. GJ-19 - X- 9023 ઉપર લોનની માંગણી કરેલ હતી. તે મુજબ ફરિયાદીની કંપની દ્વારા રૂ. ૬,૨૦,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ વીસ હજાર પુરા) ની તા.૦૩/૦૩/૨૦૧૬ ના રોજ ચઢતા વ્યાજ સાથેની લોન આરોપીને આપવામાં આવેલ હતી. જે વાહનની આર.સી.બુક માં હાયપોથીકેશન નું નોંધ ફરિયાદી શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લી. ના નામે નોંધાયેલ છે. તેમજ આરોપીએ ફરીયાદીની કંપની રાાથે કરેલ હાયપોથીકેશન લોનની રકમ એગ્રીમેન્ટ નંબર BHARUO603030002 કરેલ છે. અને તે એગ્રીમેન્ટ આરોપીને

ફરિયાદીએ ગુજરાતી ભાષામાં વિગતવાર સમજણ આપેલ હતી. અને ત્યારબાદ આરોપીએ તેમની મુક્ત સંમતિથી તે એગ્રીમેન્ટમાં સહીઓ કરેલ હતી. અને એગ્રીમેન્ટ ની તમામ શરતો નું ચુસ્ત પણે પાલન કરવાની ખાતરી આપેલ હતી. ફરિયાદી કાયદેસરના લોનની બાકી ચડતા વ્યાજ સાથેની લેણી રકમ રૂ. ૭,૨૨,૮૩૯ /–(એક રૂપિયા સાત લાખ બાવીસ હજાર આઠસો ઓગણચાલીસ પુરા) ની રકમ આ કામના આરોપી પાસેથી લેણી નીકળતી હતી જે પૈકી આ કામના આરોપીએ ફરિયાદીને ચેક આપેલો હતો. જે ચેક જેનો નં. ૨૩૯૩૯૦ તા.૦૬/૦૪/૨૦૨૧ ના રોજનો રૂા.૬,૩૩,૭૧૧/– નો આઇ.ડી.બી. આઇ. બેંક અંકલેશ્વર શાખાનો લખી આપેલો. જે ચેક ફરીયાદીએ તેની બેંક એકસીસ બેંક, અંકલેશ્વર શાખામાં રજૂ કરતા તે ચેક "ફંડ ઇનસફીસીયન્ટ'' ના કારણથી પરત ફરેલ છે. રજૂ દસ્તાવેજો ધ્યાને લેતાં ફરીયાદીએ ચેક રજૂ કરેલ આંક–૧૩ થી રજુ કરેલ છે.

(૧૦) આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અનુસારનો ગુનો બનવા માટેના આવશ્યક તત્વો જોઈએ તો ચેક કાયદેસરની જવાબદારીના પુર્ણ અથવા અંશત: ચુકવણા માટેનો હોવો જોઈએ.આ કામે ફરીયાદીએ તેના સરતપાસના સોગંદનામામાં ફરીયાદને સમર્થનકર્તા તમામ હકિકત દર્શાવેલ છે. જેમા આ કામના ફરીયાદી એવી હકિકત જાહેર કરે છે કે, ફરિયાદી શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લી. એ ધી કંપનીઝ એકટ ૧૯૫૬ ના કાયદા અન્વયે નોંધાયેલ કંપની છે.જેની ઓરીજનલ ઓફીસ: ઓફીસ નં. ૪૦૯–૧૪૦,ચોથો માળ, મારવેલા કોમ્પ્લેક્ષ, પાલ આર.ટી.ઓ. ની સામે હજીરા રોંડ, સુરત–૩૯૫૦૦૯ મુકામે આવેલ છે અને બ્રાન્ચ ઓફીસ અંકલેશ્વર મુકામે ઉપરોક્ત સરનામે આવેલ છે. શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની જુદી જુદી સ્કીમ હેઠળ ઇન્વેસ્ટમેન્ટ લીઝ હાયપોથીકેશન અને જુના તથા નવા પ્રાઈવેટ તેમજ કોમશીયલ વાહનો માટે ધિરાણ પૂરું

પાડવાનો ધંધો કરે છે. ફરિયાદી સદરહુ કંપનીના અધિકૃત કર્મચારી છે અને સદરહુ કંપનીના રોજીંદા વ્યવહારોથી વાકેફ છે. સદર કામના આરોપી ફરિયાદી પાસે પોતાની માલિકીના વાહન ઉપર લોનની માંગણી કરેલી અને તે મુજબ આ કામના આરોપીએ વાહન મોડલ નંબર FORCE TOOFAN -P જેનો રજી. નં. GJ-19 - X- 9023 ઉપર લોનની માંગણી કરેલ હતી. તે મુજબ ફરિયાદીની કંપની દ્વારા રૂ. ૬,૨૦,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ વીસ હજાર પુરા) ની તા.૦૩/૦૩/૨૦૧૬ ના રોજ ચઢતા વ્યાજ સાથેની લોન આરોપીને આપવામાં આવેલ હતી. જે વાહનની આર.સી.બુક માં હાયપોથીકેશન નું નોંધ ફરિયાદી શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લી. ના નામે નોંધાયેલ છે. તેમજ આરોપીએ ફરીયાદીની કંપની રાાથે કરેલ હાયપોથીકેશન લોનની રકમ એગ્રીમેન્ટ નંબર BHARUO603030002 કરેલ છે. અને તે એગ્રીમેન્ટ આરોપીને ફરિયાદીએ ગુજરાતી ભાષામાં વિગતવાર સમજણ આપેલ હતી. અને ત્યારબાદ આરોપીએ તેમની મુક્ત સંમતિથી તે એગ્રીમેન્ટમાં સહીઓ કરેલ હતી. અને એગ્રીમેન્ટ ની તમામ શરતો નું ચુસ્ત પણે પાલન કરવાની ખાતરી આપેલ હતી. ફરિયાદી કાયદેસરના લોનની બાકી ચડતા વ્યાજ સાથેની લેણી રકમ રૂ. ૭,૨૨,૮૩૯ /– (એક રૂપિયા સાત લાખ બાવીસ હજાર આઠસો ઓગણચાલીસ પુરા) ની રકમ આ કામના આરોપી પાસેથી લેણી નીકળતી હતી જે પૈકી આ કામના આરોપીએ ફરિયાદીને નીચે મુજબની વિગત અને વર્ણન વાળો ચેક આપેલો હતો અને એવો વિશ્વાસ અને ભરોસોઆપેલ હતો, "સદર ચેક પાકતી તારીખે બેંકમાં નાંખશો તો ચેક પાસ થઈ જશે, રીટર્ન થશે નહીં" જે ચેકની વિગત નીચે મુજબ છે.

<u>ચેક ની વિગત</u>

ચેક નંબર	બેન્ક નું નામ અને સ્થળ	રકમ (રૂ)	તારીખ
૨૩૯૩૯૦	આઈ.ડી.બી.આઈ.બેંક, અંકલેશ્વર શાખા	૬,૩૩,૭૧૧/–	૦૬/૦૪/૨૦૨૧

આ કામના આરોપીની વાતો ઉપર વિશ્વાસ અને ભરોસો રાખીને ફરિયાદી કંપનીએ ઉપરોક્ત ચેક વસુલાત માટે તેની બેંક એક્સીસ બેંક, અંકલેશ્વર શાખા મારફતે ક્લીયરીંગ માં ચેક નં. ૨૩૯૩૯૦ તા.૦૬/૦૪/૨૦૨૧ મોકલાવતા સદર ચેક આરોપી ની બેંક દ્વારા "ફંડ ઈનસફીસીયન્ટ"ના શેરા સાથે તા.૦૭/૦૪/૨૦૨૧ પરત કરેલ છે. જે અંગે આરોપીને જાણ કરતા. તેઓએ કોઈ સીધો અને સંતોષકારક જવાબ આપેલ નહીં. સદર ઉપરોક્ત મુજબના ચેક રીટર્ન થવાના કારણે ફરિયાદીએ તા.૧૫/૦૪/૨૦૨૧ ના રોજ તેમના વકીલશ્રી મારફતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબની રજી.પો.એડી થી મોકલાવેલ હતી જે નોટીસ યોગ્ય આરોપીને તેના ધંધાના સ્થળે મોકલાવેલ હતી જે નોટીસ આ કામના આરોપીને તા.૧૭/૦૪/૨૦૨૧ ના રોજ બજી ગયેલ છે. આ કામના આરોપીએ નોટીસમાં જણાવ્યા મુજબના દિન –૧૫ માં ચેકના નાણાં ફરિયાદીને ચૂકવી આપેલ નથી અને નોટીસનો અમલ કરેલ નથી કે નોટીસનો કોઈ જવાબ પણ આપેલ ન હોય ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૧૧) ત્યારબાદ આ કામે આરોપીપક્ષ ધ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૧૮(એ) અને ૧૩૯ની જોગવાઈનું ખંડન કરવા માટે ફરીયાદપક્ષના પુરાવાને રીબર્ટ કરતુ અનુમાન કરવા માટે ફરીયાદીની આરોપીપક્ષ ધ્વારા વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે. સદર ફરિયાદી ઉલટતપાસમાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે હું શ્રીરામ ફાઈનાન્સમાં નોકરી કરુ છુ એ દર્શાવતો આધારા મે આ કામે રજુ કરેલ નથી. હું છેલ્લા પાંચ વર્ષથી આ કંપની સાથે સંકળાયેલો છું . એ વાત ખરી નથી કે હું ક્યા કારણસર ફરીયાદવાળા ચેકના વ્યવહારથી માહિતગાર છુ તેની વિગત કે ખુલાસો

ફરીયાદમાં કરેલ નથી. હું ફરિયાદ જોઈને જણાવુ છુ કે આવી કોઈ સ્પષ્ટતા ફરીયાદમાં નથી. એ વાત ખરી નથી કે શ્રીરામ ફાઈનાન્સમાં બધા વિભાગ અલગ અલગ છે. એ વાત ખરી છે કે સેલ્સ અને એકાઉન્ટ વિભાગ અલગ અલગ વ્યકિત સંભાળે છે. સેલ્સમાં શું કામગીરી થાય જેની મને માહિતી છે. સેલ્સમાં કોઈ ઈન્કવાયરી આવે ત્યારે સેલ્સનો માણસ તેમના ઘરે રૂબરૂ જાય છે ત્યારબાદ ડોક્યુમેન્ટ ચેક કરે છે, તેમની પરસ્થિતિ જોઈને નકકી કરે છે કે જે ગાડી લેવા માંગે છે તેના હપ્તા ભરવા માટે સક્ષમ છે કે નહી અને તેમનો રેફરન્સ કેવો છે કે નહી તેની તપાસ કરે છે. લોન મંજુર થાય તો આધારકાર્ડ, પાનકાર્ડ, હાઈપોથીકેશન એગ્રીમેન્ટ, નવુ વેહીકલ હોય તો કવોટેશન, બેન્ક સ્ટેટમેન્ટ, પાસપોર્ટ સાઈઝના ફોટા, વેરા પાવતી જો પોતાની પ્રાપર્ટી હોય તો નહી તો રેન્ટ એગ્રીમેન્ટ વિગેરે દસ્તાવેજ લઈએ છીએ. હાઈપોથીકેશન એગ્રીમેન્ટમાં લોન લેનાર, તેના ગેરેન્ટર અને લોન આપનાર તરીકે બ્રાંચ મેનેજરની સહી હોય છે. એ વાત ખરી છે કે ફરીયાદવાળા લોન વ્યવહારમાં મે કોઈ કામગીરી કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદવાળા ચેક અંગે મને અંગત જાત માહિતી નથી. એ વાત ખરી નથી કે લોન એગ્રીમેન્ટ વખતે ગ્રાહક પાસેથી કોરા સહી કરેલા ચેકો સિક્યુરીટી પેટે લેવામાં આવે છે. એ વાત ખરી નથી કે ફરીયાદવાળો ચેક કયારે કોને આપેલો તેની મને માહિતી નથી. એ વાત ખરી છે કે આરોપીએ આ ચેક ક્યા અધિકારીને આપેલો તેનું નામ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આ કામે લોનની લેણી રકમ રૂા.૭,૨૨,૮૩૯/– આ કામના આરોપી પાસે લેણી નિકળે છે તે દર્શાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમાં જણાવેલ બાકી નિકળતી રકમ અને ચેકની રકમમાં તફાવત છે. એ વાત ખરી છે કે આ તફાવત અંગેનો ખુલાસો ફરીયાદમાં કરેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદવાળા ચેકની કલીયરીંગની કામગીરી મે કરેલ નથી. એ વાત ખરી નથી કે અમારી ફાઈનાન્સ કંપની દ્વારા એગ્રીમેન્ટ વખતે

કોરા ચેકો સહીવાળા મેળવવામાં આવે છે. એ વાત ખરી છે કે બેન્કમાં કોઈ લોન ખાતામાં કોઈ રકમ જમા થાય તો તે અંગેની રીસીપ્ટ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે ફરીયાદવાળા ચેક અંગે અમે કોઈ રીસીપ્ટ આપેલ નથી. એ વાત ખરી છે કે આરોપીએ ફરીયાદી કંપની વિરૂધ્ધ ગ્રાહક સુરક્ષામાં કેસ કરેલ છે.

હાઈપોથીકેશન એગ્રીમેન્ટ ભંગ બદલ હાલના ચેકની ફરીયાદ કરેલ છે તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી નથી કે અમારી કંપનીના રીકવરી એજન્ટ કોઈપણ જાતના કાયદેસરના હુકમ વગર આરોપી પાસે વાહન રીકવરી ની કાર્યવાહી કરતા હોય આરોપીએ ગ્રાહક સુરક્ષામાં ફરીયાદ કરેલી. ફરીયાદવાળો ચેક બેંકમાં જમા કરતા પહેલા તેની જાણ આરોપીને લેખીતમાં કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીએ આવી કોઈ ચેકની રકમ ચુકવવાની થતી ન હોવા છતાં આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપએ જે તે સમયે ગ્રાહક સુરક્ષામાં કેસ કરી મનાઈ હુકમ મેળવેલ તેનો રાગદેશ રાખી ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીએ આવી કોઈ રકમ ચુકવવાની થતી ન હોવા છતાં આરોપીની જાણ બહાર તેના સીક્યુરીટી પેટે પડેલા ચેકનો દુરઉપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ છે જેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે હાલની ફરીયાદ કરવા મને કોઈ અધિકાર નથી. "

(૧૨) સદર કામમાં કેસના ગુણદોષો નકક્કી કરતા અગાઉ સદરહું કાયદા અંગે સ્પષ્ટીકરણ જરૂરી જણાતુ હોય સદરહું કામમાં જે ગુના સબબ હાલની ફરીયાદ દાખલ થયેલ હોય તેની કાયદાકીય જોગવાઈ લક્ષમાં રાખીએ તો **<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ</u> :–** ફરીયાદ વાળો ચેક એથી વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી તે (અ) અવેજ વિશે, (બ) તારીખ વિશે, (ક)સ્વીકારના સમય અંગે, (ડ) તબદીલીના સમય અંગે, (ઈ) શેરાઓના ક્રમ વિશે, (ફ)

સ્ટેમ્પ વિશે, (ગ) ધારક યથાકમ ધારક છે એમ માની લેવા વિશે, અનુમાન કરવાનું છે.**પુરાવના બોજા વિશે** એ પ્રસ્થાપીત હકીકત છે કે, ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ જો વિરુધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ,તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય,શેરાઓના ક્રમ, ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણ કર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે. તેવી જ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ વંચાણે લેતા તેમાં પણ '' જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે, ત્યા સુધી એવું અનુમાન કરવામાં આવશે કે,ચેકના ધારકે કલમ ૧૩૮માં જણાવેલ ચેક, કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: જવાબદારી હતો" આમ, કલમ–૧૩૯ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનું ફલીત થાય છે. તેવી જ રીતે ધી નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપૂર્ણ કોસ હોય કે અપૂર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રમથદર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાતંર કરે છે કે, તેમાંની અપૂર્ણ વિગત અથવા અન્ય જરૂરી વિગતો અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપૂર્ણ કરી લઈ વિનીમયપત્ર ઉપયોગમાં લેવાનો છે.આમ, ઉપરોકત નોંધેલ કલમ–૧૧૮,૧૩૯ અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણ હાથ ઉપરના કેસમાં, ફરીયાદી વિનીમયપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે. એ ખરુ છે કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે, અને જો વિરુધ્ધનુ પુરવાર કરવામાં આવે તો તેનું કાનુની મુલ્ય રહેતુ નથી. આમ વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યા સુધી એવુ અનુમાન કરવામા આવશે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ – ૧૩૮

માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. વણ ચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવુ કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે.આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણ ચુકવ્યા ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે. આમ કલમ ૧૧૮(એ) અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે ચોકકસ અનુમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વિરુધ્ધ નું પુરવાર ન થાય ત્યા સુધી તે ખંડીત થતા નથી. આ કામે સર્વોચ્ચ અદાલત ધ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આરોપીએ જેવો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂર રહેતી નથી. એટલે કે અનુમાનનું ખંડન આરોપી, ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલો છે તેના ધ્વારા પણ તે કરી શકે છે અને આરોપી ધ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શક્ય પુરાવો આપવો જ જરૂરી છે.

(૧૩) આ કામે આરોપી વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે. તેથી આ કામે કલમ– ૧૩૮ અને તેની સાથે સંલગ્ન કલમ–૧૪૨ ની કાનૂની જોગવાઈઓ ધ્યાને લેવી મને જરૂરી જણાય છે.

કલમ:–૧૩૮.. ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વિકાર: સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યક્તિ પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યક્તિને નાણાની ચૂકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચૂકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણ કે, એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે

અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતીની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા જોગવાઈ કરવામાં આવી છે.પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે, **(એ)** જ્યાં સુધી, ચેક લખ્યાની તારીખથી ત્રણ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદ્દત એ બેમાંથી જે વહેલી હોય તે મુદ્દતમાં તેવો ચેક બેન્કમાં રજુ કરવામાં આવ્યો ન હોય. **(બી)** જયાં સુધી તે ચેકનો પેઈ અથવા યથાકમ ધારક, જેમ હોય તેમ,તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાના 'ત્રીસ દિવસોની અંદર' તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચૂકવણીની માગણી કરે નહી અને (સી) જયાં સુધી એવો ચેક લખનાર, ચેકના નાણા લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમ ધારકને જેમ હોય તેમ,ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય નહી ત્યા સુધી કલમમાંનું કશું જ લાગુ પડશે નહિ. **સ્પષ્ટીકરણ:–** આ કલમના હેતુ માટે " દેવુ અથવા અન્ય જવાબદારી' એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ દેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

કલમ:–૧૪૨ : ગુનાની નોધ લેવા બાબતે :

સને ૧૯૭૩(૨ ઓફ ૧૯૭૪) ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતામાં ગમે તે સમાવેશ થતો હોય તેમ છતાં. (૧) ચેકના ધારણ કર્તાની તરફેણમાં ચૂકવણી થાય છે તેવી વ્યકિતની લેખીત ફરીયાદ વગર આ કાયદાની કલમ–૧૩૮ અન્વયે સજાપાત્ર ગુનાને કોર્ટ ધ્યાનમાં લેશે નહી. (૨) આ કાયદાની કલમ–૧૩૮ (૩) હેઠળ ઉત્પન્ન થતા ફરીયાદના કારણથી એક મહીનામાં આવી ફરીયાદ ન્યાયાલયમાં કરવામાં આવી હોય. પરંતુ "જોગવાઈ કરવામાં આવી છે કે ફરીયાદની નોધ અદાલત ધ્વારા નકકી કરેલ સમય પછી પણ લઈ શકાશે, જો ફરીયાદી અદાલતને સંતોષ આપે કે આવા સમયમાં ફરીયાદ ન કરવા

માટે તેને પુરતુ કારણ હતુ." (૩) આ કાયદાની કલમ–૧૩૮ અન્વયે સજાપાત્ર કોઈપણ ગુનાની ટ્રાયલ મેટ્રોપોલીટન મેજિસ્ટેટ, ફસ્ર્ટ કલાસ મેજીસ્ટ્રેટ દરજજાની સિવાયની કોઈપણ અદાલત પગલા લઈ શકશે નહી. (૪) પરત થયેલ ચેક માટે એકજ વખત ગુનાનું કોગ્નિજન્સ લઈ શકાય. પાવર ઓફ એટર્નીની રૂએ આપેલ ચેક પરત થાય તો પણ પાવર ઓફ એટર્ની ધારક કુલમુખત્યાર ઉપર ફરીયાદ કરી શકાય અથવા કુલમુખત્યારની ગેરહાજરીમાં કુલમુખત્યારનામુ આપનાર સામે ફરીયાદ થઈ શકે.

આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ નો ગુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.

૧: કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ.

૨: ચેકના લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે જ ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

૩: ચેક લખ્યા તારીખથી છ માસની સમયમર્યાદામાં કલીયર થવા માટે બેન્કમાં રજુ થયેલ હોવો જોઈએ.

૪: ચેકનો અનાદર થયા બાદ બેન્ક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર(હવે સુધારો થયા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માગણી કરેલી હોવી જોઈએ.

૫: નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

૬: દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય. આવી જ રીતે ધી

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવા બાબત છે એટલે કે વિરુધ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવે છે કે, તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવા કે અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજામુકત થવા બદલ તે ચેક મેળવ્યો હશે અને આ વણચૂકવાયેલ પરત થયેલ ચેક હાલના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા સારુ જ આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામા આવશે. આમ, આ કામે આંક–૧૩ નો ચેક કાયદેસરના દેવા કે જવાબદારી બદલ બોજામાંથી મુકત થવા માટે આરોપીએ ફરીયાદીને આપેલ છે અને આ દેવુ કે જવાબદારી કાયદેસરની છે.અને તેનો કાયદા ધ્વારા અમલ કરાવી શકાય તેવો છે. તેવું કલમ–૧૩૯ અન્વયે આ અદાલત અનુમાન કરેશે. આનાથી વિરુધ્ધનું પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ આંક–૧૩ નો ચેક વણચૂકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો અથવા તો તે ચેક બિનઅવેજી હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે. આ કામે હાલના આરોપી ઉપર આ બોજો રહે છે.

આમ, કલમ–૧૧૮ અને ૧૩૯ની કાનૂની જોગવાઈઓ જોઈએ તો કોર્ટ હંમેશાં ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવા બંધાયેલ છે, અદાલત ફરીયાદીની તરફેણમાં કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબ અનુમાન ન કરે તે માટે વિરુધ્ધનું પુરવાર કરવાનો બોજો કાયદા ધ્વારા આરોપી ઉપર નાખવામાં આવેલ છે.પરંતુ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ અન્વયે આ કોર્ટ હાલના આરોપી વિરુધ્ધ ત્યારે જ ઉપર કહ્યા મુજબ અનુમાન કરી શકે છે કે જયારે ફરીયાદીની ફરીયાદ કલમ–૧૩૮ અને કલમ–૧૪૨ અન્વયે સમય મર્યાદામાં જ દાખલ કરવામાં આવેલી હોવી જોઈએ અને આ બે કલમોમાં જણાવેલ આદેશાત્મક જોગવાઈઓનુ ફરીયાદપક્ષે નિ:શંકપણે પાલન કરેલ હોવુ જોઈએ.

(૧૪) સદર કામમાં અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે કે, સદર કામમાં ફરીયાદીએ આંક– ૪ થી સરતપાસનો પુરાવો આપેલ છે અને તેઓ ધ્વારા આંક–૧૩ વાળો તકરારી ચેક પોતાના ખાતામાં નાંખેલ જે આંક–૧૪ વાળા રીટર્ન મેમોથી પરત થયેલ. ત્યારબાદ નિયમોનુસાર સમય મર્યાદાની અંદર આંક–૧૫ થી ડીમાન્ડ નોટીસ આરોપીને આપવામાં આવેલી. જે નોટીસ આરોપીને બજી ગયેલી ત્યારબાદ આરોપીએ નિયત સમયમા ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપેલ ન હતી જેથી સદરહું ફરીયાદ આરોપી ધ્વારા અત્રેની કોર્ટમાં નિયમોનુસાર દાખલ કરવામાં આવેલી. આમ સદરહું ફરીયાદીએ જે ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે દાખલ કરેલ છે તેમાં સદરહું કાયદાના તમામ પ્રાવધાનો પુર્ણ કરવામાં આવેલ છે ત્યારે ફરીયાદીની તરફેણમાં સદરહું કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ નું અનુમાન ઉત્પન્ન થવા પામેલ છે. આમ, સદરહું આરોપી પક્ષના શીરે ફરીયાદીના પુરાવાનું ખંડન કરવુ જરૂરી છે. સદરહું ખંડન માટે આરોપીએ વિટનેસ બોકસમાં આવવુ જરૂરી નથી. પરંતુ જો આરોપીપક્ષ ખંડન કરવા માટે ફરીયાદ પક્ષના કેસ પર પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો પ્રસ્તુત કરે તો પણ ફરીયાદ પક્ષે તેઓનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો રહે છે અને આમ, જો આરોપીપક્ષ સદરહું ફરીયાદીના ઉપરોકત પુરાવાનું ખંડન કરવામાં નિષ્ફળ જાય તો ફરીયાદીની તરફેણમાં હુકમ કરવો જરૂરી બને છે અને જો તેમાં સફળ જાય તો આરોપીની તરફેણમાં હુકમ કરવો જરૂરી બને છે. ઉપરોકત હકીકતો ધ્યાનમાં રાખી સદરહું કેસની હકીકતો લક્ષમાં રાખીએ તો એ હકીકત નિર્વીવાદ છે કે, સદર કામમાં ફરીયાદીની ઉલટ તપાસ સિવાય અન્ય કોઈ પુરાવો બચાવપક્ષ આરોપી ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ નથી. તેઓએ માત્રને માત્ર ફરીયાદીની ઉલટ તપાસ પર આધાર રાખેલ છે. સદરહું કામમાં આરોપી પક્ષે જે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ છે તેમાંની મુખ્ય હકીકતો લક્ષમાં રાખીએ તો સદરહું ફરીયાદીને તેમના

અને આરોપી સાથેની લોનના સવાલ જવાબ કરવામાં આવેલ છે. સદરહુ ફરીયાદ દવારા એ હકીકત સ્વિકારવામાં આવેલ છે કે, ફરીયાદ વાળા ચેક અંગે તેઓને અંગત જાત માહીતી નથી. આરોપીએ આ ચેક કયા અધિકારીને આપેલો તેનુ નામ ફરીયાદમાં જણાવેલ નથી. ફરીયાદમાં જણાવેલ બાકી નીકળતી રકમ અને ચેકની રકમમાં તફાવત છે. પરંતુ આ ઉલટ તપાસ પરથી પણ આ કામના ફરીયાદી કંપનીએ આરોપીને લોન આપેલ હોવાનુ પુરવાર થાય છે. અત્રે નોંધવુ જરૂરી છે કે, સદરહું ફરીયાદ પક્ષની જે ઉપરોકત વિગતવાર ઉલટ તપાસ થયેલ છે તેને ઝીણવણભરી રીતે લક્ષમાં રાખીએ તો સદર હકીકતો જે આરોપીએ સઝેશન સ્વરૂપમાં પુછેલ છે તે સઝેશનને પુરાવો માની શકાય નહી. તદઉપરાંત આ કામમાં આરોપીનુ સી.આ.પી.સી. ની કલમ ૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ હતુ તે નિવેદન દરમ્યાન આરોપી ધ્વારા વિશેષ હકીકતો નામદાર કોર્ટમાં જણાવેલ હતી જે મુજબ ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજો પુરવાર થયેલ નથી. આરોપીના જુના સીકયુરીટી પેટેના ચેકનો જાણ અને સંમતિ બહાર મન ફાવે તેમ રકમ ભરી દુરઉપયોગ કરી ચેક રીટર્ન કરાવેલ હોવાનો બચાવ રજુ કરેલ છે. આ બાબતે ચર્ચા કરીએ તો સદરહું આરોપી પક્ષ ધ્વારા પોતાની હકીકત માની શકાય તે માટે કોઈ વિશેષ પુરાવા રજુ કરેલ નથી. આમ બચાવપક્ષ દવારા ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલી હોય તેવી કોઈ હકીકતો પુરવાર કરેલ નથી. આમ, ઉપરોકત ચર્ચાના અંતે આરોપીએ જે બચાવો લીધેલા છે પરંતુ તે બચાવો પુરવાર કરવા માટે સદર કામમાં કોઈ સંતોષકારક પુરાવો આપેલ નથી અને સમગ્ર રીતે ફરીયાદપક્ષની હકીકતો મુજબ તકરારી ચેક કે જેમાં આરોપીની સહી બાબતે કોઈ ઈન્કાર કરવામાં આવેલ નથી અને તે ફંડ ઈનસફીસીયન્ટ થી રીટર્ન થયેલ છે અને ત્યારબાદ નિયત સમય મર્યાદામાં આરોપીને નોટીસ આપવામાં આવેલી તે આંક–૧૫ વાળી નોટીસ લક્ષમાં રાખીએ તો તેમાં પણ આરોપી દ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, ખોટી

વાત છે. પરંતુ આંક –૧ ની ફરીયાદમાં આરોપીનું સરનામું, આંક–૨૭ ની રજી.એ.ડી. નોટીસની સ્થળપ્રતમાં આરોપીનું સરનામું એક જ જણાય છે. આમ ઉપરોકત પુરાવાની હકિકતને લક્ષમાં લેતાં – ધી જનરલ કલોઝીઝ એકટની કલમ – ૨૭ અને ભારતીય પુરાવા અધિ. ૧૮૭૨ ની કલમ–૧૧૪(ઈ) અન્વયે રોજબરોજના વ્યવહારમાં મોકલવામાં આવતી પોસ્ટ – સરકારી કાર્યો તેના નિયમ અનુસાર કરવામાં આવતાં હોઈ, તેના સરનામે પહોંચેલ હશે. આ અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીની છે. આરોપી તરફે પોતે ફરીયાદવાળા સરનામે રહેતા નથી કે ત્યાં તેમને નોટિસ બજેલ નથી તેવી કોઈ જ ઉલટ કરવામાં આવેલ નથી જેથી ઉપરોકત અનુમાનનું ખંડન થતું નથી જેથી આરોપીને ડિમાન્ડ નોટિસ બજેલ હોવાનું માનવાને કારણ રહે છે. વધુમાં આરોપી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, આંક–૧૮ ના બીલ સ્ટેટમેન્ટમાં તા.૧૯/૫/૨૧ ના રોજ બાકી રકમ રૂા.૬,૬૫,૦૩૬–૭૨ પૈસા જણાવેલ છે જયારે ફરીયાદમાં બાકી રકમ રૂા.૭,૨૨,૮૩૯/– જણાવેલ છે અને ચેકની રકમ રૂા. ૬,૩૩,૭૧૧/– જણાવેલ છે. હવે આ બાબતે ચર્ચા કરીએ તો ફરીયાદીએ તેમની ફરીયાદમાં જણાવેલ છે કે આ કામના આરોપી પાસેથી લેણી રકમ નીકળતી હતી જે પૈકી આ કામના આરોપીએ ફરીયાદીને ફરીયાદવાળો ચેક આપેલો છે. જે જોતા આરોપીપક્ષનો સદર બચાવ ટકવાપાત્ર નથી. વધુમાં આરોપીપક્ષે એવો બચાવ લીધેલો છે કે આંક–૧૮ ના દસ્તાવેજ કોમ્પ્યુટરાઇઝ જનરેટ કોપી છે પરંતુ તેમા રજુ કરનાર કોઇના સહી સિકકા નથી તેમજ ફરીયાદીની જુબાનીમાં તે કોપી કોની પાસેથી મેળવી રજુ થયેલ છે તેવા કન્ટેન્ટસ પણ લીધેલ નથી. આ બાબતે ચર્ચા કરીએ આરોપીએ ફરીયાદી પાસેથી કોઇ લોન લીધેલ નથી તેવો કોઇ બચાવ આરોપીપક્ષે લીધેલ નથી કે આરોપીપક્ષે લોન પેટે કેટલા હપ્તા ફરીયાદીને ચુકવેલા છે તે પણ જણાવેલ નથી. વધુમાં સદરહુ કોમ્પ્યુટર જનરેટેડ કોપી અનુસંધાને ભારતીય પુરાવા ધારાની

કલમ–૬૫(બી) મુજબનુ ઇલેકટ્રોનીક એવીડન્સનુ કોઇ પ્રમાણપત્ર રજુ થયેલ નથી તેવી દલીલ કરેલ છે ત્યારે તમામ કેસોના સંજોગો ધ્યાને લેતા, માત્ર ૬૫ (બી) ના પ્રમાણપત્ર રજુ કરેલ ન હોવાના કારણે ફરીયાદીનો કેસ ખોટો છે અને આનો લાભ આરોપીને મળી શકે નહી. કેસની તમામ હકીકતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ અન્ય પુરાવાઓથી પોતાનો કેસ પુરવાર કરતા હોય ત્યારે માત્ર ૬૫(બી)ના પ્રમાણપત્રની અપુર્તતાના કારણે ફરીયાદપક્ષના કેસને કાઢી શકાય નહી. આમ, આરોપી પક્ષે જે બચાવ બાબતે આરોપી પક્ષે કોઈ સંતોષ કારક પુરાવો આપેલ ન હોય ત્યારે આરોપી પક્ષ સદરહું કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ ના પ્રબંધો મુજબ ફરીયાદીની તરફેણમાં થયેલ અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ ગયા હોય ત્યારે તેમજ સમગ્ર રીતે હાલના આરોપી પક્ષે જે ફરીયાદીની ઉ.ત. પર આધાર રાખેલ છે પરંતુ સદર ઉલટ તપાસ થી આરોપી પ્રોબેબલ ડીફેન્સ ઉભો કરી શકેલા નથી તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે.

(૧૫) નામ. સુ.કો. દવારા **રંગાપ્પા વિરૂધ્ધ મોહન**ના ચુકાદામા પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત મુજબ આરોપીએ આપેલ ચેક કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. આમ આ કેસનો રેકર્ડ પરનો સમગ્ર મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદવાળો ચેક ફરીયાદીના કાયદેસરના અમલ કરી શકાય તેવા દેવાની ચુકવણી પેટે આપેલાની હકીકત ફલીત થાય છે તેમજ, ફરીયાદીએ આરોપીના ચેકનો દુરઉપયોગ કરેલાનું પુરવાર થતુ ન હોય ફરીયાદીની વિરૂધ્ધમાં અનુમાન કરવાની આરોપીની તરફેણની દલીલ ગ્રાહય રાખવા પાત્ર નથી.

(૧૬) આમ આ કામે ફરીયાદપક્ષે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ની મેન્ડેટરી જોગવાઈઓનું પાલન કરી, ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૧૮(એ) અને ૧૩૯ ની જોગવાઈઓ સબબ અત્રેની અદાલતે જે અનુમાનો અવેશ વિશે અને ધારક આ ચેકનાં નાણાં વસુલ મેળવવા હકકદાર છે તે અંગેના અનુમાનો વિરુધ્ધમાં બચાવપક્ષે કોઈ ખંડનીય પુરાવો રજુ કરેલ ન હોવાના કારણસર ફરીયાદપક્ષનો આ કેસ નિ:શંકપણે સાબીત થયેલ હોવાનું અત્રેની અદાલત માને છે. આ કામે તહોમતદાર તર્ફે જે બચાવ અને દલીલો રજુ કરેલ છે તે માની શકાય તેમ નથી. વધુમાં આ કામે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ માં અવાર નવાર સમય સાથે કરવામાં આવેલ સુધારા વધારા સહિત આ એકટ પાછળનો હેતુ નાણાંકીય વ્યવહારમાં થતી ગેરરિતિઓ અટકાવી આ ગેરરીતિઓ દ્વારા કોઈ વ્યકિત તેની નાણાંકીય જવાબદારીમાંથી છટકી ન જાય અને નાણાંકીય વ્યવહાર ડુબાડવાનો તેનો હેતુ પાર પાડી કોઈ ચેક આપે અને તે બાઉન્સ થાય ત્યારે બેંકો દ્વારા તેમજ અન્ય નાણાંકીય સંસ્થાઓ દ્વારા થતા નાણાંકીય વ્યવહારોની વિશ્વસનીયતા ઘટી જાય છે. એટલે કે આવી વિશ્વસનીયતા ઘટી ન જાયતે માટે આ એકટ દ્વારા તાકાલીક ધોરણે આવા ડીફોલ્ટરને સજા કરવાનો છે. આ કેસમાં વિગતવાર ચર્ચા કર્યા મુજબ જો આરોપી અને ફરીયાદી વચ્ચે કોઈ વ્યવહાર થયો ના હોય તો ફરીયાદી પાસે આરોપીની સહી વાળો ચેક કઈ રીતે આવ્યો તે બાબતે કોઈ યોગ્ય પુરાવો રજુ કરેલ નથી કે તેવા કોઈ સાક્ષીઓને પણ તપાસેલ નથી. આમ ફરીયાદીએ રજુ કરેલ ચેક પુરવાર થતો હોય તેનો મતલબ એવો થાય છે કે આરોપીએ તેના કાયદેસરના જવાબદારી અને દેવા પેટે ફરીયાદીને ચેક આપેલો છે. ફરીયાદીએ રજુ કરેલ ચેકનો દુરઉપયોગ કરવામાં આવેલ હોય તો આરોપીએ તે બાબતે ફરીયાદ કે અન્ય વ્યકિત ઉપર કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ હોય તેવું રેકર્ડ પર આવવા પામેલ નથી. આમ સમગ્ર

હકીકતે નામ. સુપ્રિમ કોર્ટના **રંગાપ્પા વિરૂધ્ધ મોહન**ના ચુકાદા મુજબ આરોપીએ આપેલ ચેક કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. આમ આ કેસનો રેકર્ડ પરનો સમગ્ર મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદવાળો ચેક ફરીયાદમાં જણાવેલ વ્યવહારની રકમના કાયદેસરના અમલ કરી શકાય તેવા દેવાની ચુકવણી પેટે આપેલાની હકીકત ફલીત થતી હોવાથી ચેકનો દુરઉપયોગ કરેલાનું પુરવાર થતુ ન હોય ફરીયાદીની વિરૂધ્ધમાં અનુમાન કરવાની આરોપીની તરફેણની દલીલ ગ્રાહય રાખવા પાત્ર નથી. આરોપીપક્ષે નામ. સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના જે ચુકાદાઓ પર આધાર રાખેલો છે પરંતુ હાલના કેસની હકીકતો અને સંજોગો ધ્યાને લેતા તેમજ નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઇકોર્ટના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા દરેક કેસની હકીકતો અને સંજોગો અલગ અલગ હોય જેથી સદર ચુકાદા આરોપીપક્ષને મદદકર્તા નિવડતા નથી. આમ નામ. સુપ્રિમ કોર્ટ ના ઉપરોકત ઓથોરીટીઓ તથા દસ્તાવેજી અને મૌખિક પુરાવા ધ્યાને લેતાં જયારે ચેક આપેલ હોય ત્યારે કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું છે જે આ કેસમાં થાય છે. આ અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી અને બોજો આરોપી પર છે. પરંતુ આરોપીએ કરેલ ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતા અનુમાનનું કોઈપણ રીતે ખંડન કરેલ નથી. એટલુંજ નહી પણ ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતુ અનુમાનનું ખંડન થાય તે પ્રબળ શકયતા અને સંભાવના પણ આરોપી તરફથી ઉભી કરવામાં આવતી નથી. ઉપરોકત તમામ મુદાઓની વિસ્તૃત ચર્ચા કરેલ છે અને હકીકતની સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોની ચર્ચા કરેલ છે તેથી તેનું પુનરાવર્તન કરવું જરુરી નથી, પરંતુ ટુંકમાં એટલું જણાવીશ કે, આ કામના ફરીયાદીએ આ

કામના આરોપીને લોન આપેલ છે, તે હકીકત છે અને તે રકમ આરોપીએ પરત ન કરતાં ફરીયાદીએ આરોપી પાસેથી વળતર અપાવવા દલીલ કરેલી છે. વધુમાં આરોપી ને.ઈ.એ.ક.૧૩૮ના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવતા હોઈ આખરી હુકમ કરતાં પહેલાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ ક્રિ.પ્રો.કોડ કલમ ૩૬૦ ની જોગવાઈનો લાભ આપવા પાત્ર છે કે કેમ તે હકીકત ધ્યાનમાં લેવી પડે. આરોપીએ આર્થિક ગુનો કરેલ છે. અત્યારના પ્રવર્તમાન સમયમાં ધંધાને લગતા તમામ નાણાંકીય વ્યવહારો ચેક ઉપર આધારીત છે. મોટી રકમના નાણાંની લેવડ દેવડ ચેકથી થાય છે અને આ ચેક ચલણી નોટ જેવો ક્ષતિ રહીત હોવો જોઈએ. એક વખત જો એક વ્યકિત બીજી વ્યકિત કે બેંકને ચેક આપે તો તે ચેકનું અવમુલ્યન થવું જોઈએ નહી. ચેક પરત ફરે તો તેનો અર્થ એવો થાય કે ચેકનું અવમુલ્યન થયેલ છે અને તેની કોઈ કીંમત નથી તેવું કહી શકાય અને એટલા માટે જ ચેક પરત ફર્યાની ફરીયાદમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અને ક્રિ.પ્રો.કોડ કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો જોઈએ નહી. આમ ઉપર મુજબ તમામ હકીકત અને ચર્ચા જોતાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ કીમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવા પાત્ર નથી. કાયદાની જોગવાઈ તથા ચેકની રકમ ધ્યાનમાં લેતાં આરોપીને યોગ્ય સજા અને યોગ્ય દંડ થવો જોઈએ તેમ હુ માનુ છું અને ફરીયાદીને પણ પુરતો ન્યાય મળ્યો છે તેવો અહેસાશ થશે આવા સંજોગોમાં ફરીયાદવાળો ચેક આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપ્યો છે તે હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરતા હોય જેથી મુદા નં.૧ પરત્વે નો જવાબ હકારમાં આપી મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમા જાહેર કરું છું.

–:: હુકમ ::–

(૧) આથી કી.પ્રો.કોડ.કલમ–૨૫૫(૨) અન્વયે આરોપી રાજેશ બચુભાઇ દિવાન, રહે./ઓફીસ – ૧૦૩, પટેલ કોમ્પલેક્ષ, પટેલ નગર, મોજે ગડખોલ, તા.અંકલેશ્વર, જી.ભરૂચ વાળાઓને ઘી નેગો.ઈ.એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ નાં ગુનામાં તકસીરવાન ઠરાવીને વર્ષ–૨ (બે) ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) ભારતીય ફોજદારી સંહિતાની કલમ–૩૫૭(૩) અન્વયે આરોપીએ ફરીયાદીને વળતર તરીકે ફરીયાદમાં જણાવેલ ચેકની રકમ રૂા.૬,૩૩,૭૧૧/– આજથી માસ–૧ ની મુદ્દતમા ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો તેઓએ વધુ ૩ માસ (ત્રણ માસ)– ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામા આવે છે.

(૩) ઉપરોકત ગુના અંગે આરોપીએ જો કોઈ સમયે કાચા કામે કેદમાં પસાર કરેલ હોય તો તેવો સમય ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ કેદની શિક્ષામાં મજરે ગણવાનો રહેશે.

(૪) આરોપીના જામીન તથા જાતમુચરકા રદ ગણવાના રહેશે.

(૫) આ ચુકાદાની એક નકલ આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૬૩ અન્વયે વિનામૂલ્યે પુરી પાડવી.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ ૧૭મી, માહે: ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અંકલેશ્વર
તા. ૧૭–૦૮–૨૦૨૬

(મિતેષકુમાર કિરીટકુમાર મહેતા)
બીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અંકલેશ્વર.
કોડ નં. જી.જે. ૦૧૨૨૫